ધીરજ તારી ખોટો ના, સ્વાર્થ સામે જોતો ના, શિસ્ત, શાંતિ ને સેવાનો તું, પાઠ સૌને આપ્યે જા, દુર્ગમ પંથ કાપ્યે જા...

## રાજ્યમાં વધુ ૧૧૪૦૩ નવા કેસ : ગાંધીનગરમાં ૧૯૯ : અમદાવાદમાં ૪૨૦૭


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૯ | ૨૦ એપ્રિલ, ૨૦૨૧, મંગળવાર; ચૈત્ર સુદ - ૮ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# પહેલી મેથી ૧૮ વર્ષથી ઉપરના તમામને વેક્સિન

## સ્વાસ્થ્યમંત્રાલય પ્રમાણે દેશભરમાં ૯૨ દિવસમાં રસીના ૧૨ કરોડ ડોઝ અપાશે : વધી રહેલા કેસો વચ્ચે કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

નવી દિલ્હી, તા. ૧૯

દેશમાં કોરોના વાયરસના નવા કેસ સતત રેકોર્ડ બનાવી રહ્યાં છે. નવા કેસનો આંકડો ૨ લાખનો પાર પહોંચી ગયો છે. તો મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. દેશમાં કોરોના સંક્રમણને માત આપવા માટે રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે. દેશમાં અત્યાર સુધી ૪૫ વર્ષથી ઉમરના લોકોને રસી આપવામાં આવી રહી હતી. પહેલા ૬૦ વર્ષથી વધુ ઉમરના લોકો માટે રસીકરણ અભિયાન શરૂ થયું હતું. હવે કેન્દ્ર સરકારે મોટો નિર્ણય કર્યો છે. દેશમાં ૧ મેથી શરૂ થઈ રહેલા રસીકરણ અભિયાનના ત્રીજા તબક્કામાં ૧૮ વર્ષથી ઉમરના તમામ લોકોને રસી મળશે. આ માટે અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓએ પણ કેન્દ્ર સરકારને રજૂઆત કરી હતી.

મહત્વનું છે કે દેશમાં પહેલા કોરોના વોરિયર્સ અને મેડિકલ સ્ટાફને રસી આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દેશમાં ૬૦ વર્ષથી ઉપરના અને ૪૫ વર્ષથી મોટી ઉમરના જે લોકોને કોઈ ગંભીર બીમારી છે તેના માટે રસીકરણ શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કેન્દ્ર સરકારે ૪૫ વર્ષથી મોટી ઉંમરના લોકો માટે રસીકરણની શરૂઆત કરી હતી. આ વચ્ચે અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓએ કેન્દ્ર સરકારને ૧૮ વર્ષથી મોટી ઉમરના લોકોને પણ રસી આપવા માટે રજૂઆત કરી હતી. હવે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તે અંગે મોટો નિર્ણય લીધો છે. દેશમાં ૧ મેથી ૧૮ વર્ષથી મોટી ઉંમરના તમામ લોકો માટે રસીકરણ અભિયાન શરૂ થઈ જશે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે દેશમાં ૯૨ દિવસમાં રસીના ૧૨ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. મંત્રાલયે કહ્યું કે કુલ ૧૨,૨૬,૨૨,૫૯૦ ડોઝ લગાવવામાં આવ્યા છે. લાભાર્થીઓમાં સ્વાસ્થ્ય ક્ષેત્રના ૯૧,૨૮,૧૪૬ લોકો સામેલ છે જેને રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે અને ૫૭,૦૮,૨૨૩ તે સ્વાસ્થ્ય કર્મી છે જેને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. બેઠકમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે સરકાર પાછલા એક વર્ષથી વધુ સમયે તે નક્કી કરવા માટે કામ કરી રહી છે કે ઓછામાં ઓછા સમયમાં સૌથી વધુ ભારતીયોને કોરોના વેક્સિન મળી શકે. ૧૮ વર્ષથી મોટી ઉમરના લોકોને કોરોના વાયરસ વેક્સિનને લઈને સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે તેને લઈને જલદી પ્રોટોકોલ વિશે જાણકારી આપવામાં આવશે. આ લોકોએ વેક્સિન માટે પૈસા આપવા પડશે કે નહીં તે વિશે સરકાર જલદી જાણકારી આપશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨,૭૩,૮૧૦ નવા કોવિડ (Covid-19) દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૧,૫૦,૬૧,૯૧૯ પર પહોંચી ગયો છે. જેમાંથી ૯,૨૯,૩૨૯ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે જ્યારે ૧૨૯૫૩૮૨૧ દર્દીઓ કોરોનાને હરાવવામાં સફળ થયા છે. એક જ દિવસમાં રાજ્યમાં ૧૬૧૯ લોકોના કોરોનાથી મૃત્યુ નોંધાયા છે. દેશમાં કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૭૮,૭૬૯ થયો છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૧૨,૩૮,૫૨,૫૬૬ લોકોને રસી આપવામાં આવી છે.



## દિલ્હીમાં કડક લોકડાઉન લદાયું

દિલ્હીમાં લોકડાઉન લગાવવાનુ એલાન થતાની સાથે જ દારુની દુકાનોની બહાર લાંબી લાંબી લાઈનો જોવા મળી રહી છે. લોકો વહેલી તકે દારુ ખરીદીને સ્ટોક કરી લેવા માંગે છે.

મળતી વિગતો પ્રમાણે દિલ્હીમાં કોરોનાએ સર્જેલી બેકાબૂ સ્થિતિના કારણે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે રાત્રે દસ વાગ્યાથી ૬ દિવસનુ લોકડાઉન લાગુ કરવાની જાહેરાત કરી છે. આ ૬ દિવસ દરમિયાન દિલ્હીમાં જીવન જરુરિયાત માટેની સેવાઓ જ ચાલુ રહેશે.

આ જાહેરાત સાંભળતાની સાથે જ આજે દારુની દુકાનોની બહાર ભીડ જામી ગઈ હતી. ઠેર ઠેર લાંબી કતારો નજરે પડી હતી. કારણકે લોકો આગામી ૬ દિવસ માટે દારુનો સ્ટોક કરી લેવા ઉમટી પડ્યા હતા. લોકડાઉન દરમિયાન દારુની દુકાનો બંધ રહેવાની હોવાથી દારુડિયાઓ બધા કામ પડતા મુકી દારુની દુકાનો પર પહોંચી ગયા હતા.

## ૨૬ એપ્રિલ સુધી યુપીના ૫ શહેરમાં લોકડાઉન

### હાઈકોર્ટનો વારાણસી, કાનપુર શહેર, પ્રયાગરાજ, લખનૌ, ગોરખપુરમાં લોકડાઉન લાગુ કરવાનો આદેશ

લખનૌ, તા. ૧૯

કોરોના વાયરસ મહામારીના પ્રકોપને ધ્યાને રાખીને ઉત્તર પ્રદેશની અલ્લાહાબાદ હાઈકોર્ટે રાજ્યની યોગી સરકારને ૨૬ એપ્રિલ સુધી પાંચ પ્રભાવિત શહેરોમાં લોકડાઉન કરવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે વારાણસી, કાનપુર શહેર, પ્રયાગરાજ, લખનઉ અને ગોરખપુરમાં આગામી ૨૬ એપ્રિલ સુધી લોકડાઉન લાગુ કરવાનો આદેશ આપ્યો છે.

આ સુનવણી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી થઈ હતી. કોર્ટે ઉત્તર પ્રદેશના મુખ્ય સચિવને આ આદેશનું મોનિટરિંગ કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશ પ્રમાણે પ્રયાગરાજ, લખનઉ, વારાણસી, કાનપુર શહેર અને ગોરખપુરમાં આર્થિક સંસ્થાઓ, મેડિકલ અને સ્વાસ્થ્ય સેવાઓ, ઉદ્યોગો અને વૈજ્ઞાનિક સંસ્થાઓ અને અન્ય જરુરી સેવા છોડીને તમામ વસ્તુઓ બંધ રહેશે. તમામ શોપિંગ મોલ્સ અને કોમ્પલેક્સ ૨૬ એપ્રિલ સુધી બંધ રહેશે. તમામ કરિયાણા અને દુકાનો જ્યાં ત્રણ કરતા વધારે લોકો કામ કરે છે, તે બંધ રહેશે. હોટેલ અને ખાણી પીણીની લારીઓ પણ બંધ રહેશે.

સાથે જ તમામ શૈક્ષણિક સંસ્થાનો પણ ૨૬ એપ્રિલ સુધી બંધ રહેશે. આ આદેશ શિક્ષકો, ઈન્સ્ટ્રક્ટર અને અન્ય સ્ટાફને પણ લાગુ પડશે. કોઈ પણ સામાજિક અને સાંસ્કૃતિક આયોજનોને મંજૂરી આપવામાં આવશે નહીં. જે લગ્નો પહેલાથી જ નક્કી છે તેમને જિલ્લાધિકારીઓની મંજૂરી લેવી પડશે.

## ખાનગી લેબમાં ટેસ્ટિંગ દરમાં ઘટાડો : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતમાં કોરોનાએ ભરડો લીધો છે. ત્યારે નાયબ મુખ્યમંત્રી દ્વારા પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું કે ૧ કરોડ ૫૯ લાખ રેપિડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે. આ પ્રકારે આરટીપીસીઆર અને એન્ટિજન ટેસ્ટ ખુબ જ મોટી સંખ્યામાં નાગિરકોની જ્યારે ઈચ્છા થાય ત્યારે સરકારી આયોજન અનુસાર કરવાનું આયોજન આરોગ્ય વિભાગ દ્વારા સરકારી ખર્ચે કરવામાં આવ્યું છે. સરકારી લેબોરેટરિમાં તેનું ટેસ્ટિંગ કરી ૨૪-૩૦ કલાકની અંદર તેનો રિપોર્ટ મળી જાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.


રાજ્ય સરકાર દ્વારા રાજ્યનાં તમામ જિલ્લાઓમાં લેબોરેટરી ઉભી કરવાનું આયોજન પુર્ણ કરી દેવાયું છે. મહાનગરોમાં વધારે લેબોરેટરી વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી સાથે અલગ અલગ જિલ્લાની મુલાકાતો દરમિયાન મોરબી, ભુજ સહિત જ્યાં પણ ટેસ્ટિંગ લેબ નથી તે ઉભી કરવા માટે આયોજન કરવામાં આવ્યું છે. કચ્છ જિલ્લામાં પણ એક મશીન ફાળવવામાં આવ્યું છે. આ તમામ વ્યવસ્થા છતા પણ રાજ્યનાં અનેક નાગરિકો પોતાની રીતે ખાનગી લેબોરેટરીમાં પણ કોરોના ટેસ્ટ કરાવતા હોય છે. ખાનગી લેબોરેટરી કાર્યરત છે તેમને ટેસ્ટ કરવા માટેની કિંમત નિર્ધારણ કરવામાં આવ્યું હતું. હવે ટેસ્ટિંગની કિંમત ૮૦૦ કરવામાં આવ્યો હતો. અત્યાર સુધી ઘરેથી ટેસ્ટિંગનાં ૧૧૦૦ રૂપિયા વસુલાતા હતા. હવે તેમાં ૨૦૦નો ઘટાડો કરી ઘરે કે હોસ્પિટલમાંથી ટેસ્ટિંગ કરાવવા ઈચ્છતા હોય તો ૯૦૦ રૂપિયા જ ચાર્જ વસુલવાનો રહેશે. કોઈ વ્યક્તિ લેબોરેટરી પર ટેસ્ટ કરાવે તો અત્યાર સુધી ૮૦૦ ચાર્જ થતો હતો તેમાં ૧૦૦ નો ઘટાડો કરી ૭૦૦ રૂપિયા જ ચુકવવાનાં રહેશે.

માં વાસ્તલ્ય કાર્ડ ધરાવે છે તેવા લોકોની રજુઆતોને ધ્યાને લઈને આ કાર્ડની મુદત પુર્ણ થઈ છે તેને ૩ મહિના માટે વધારો કરવામાં આવ્યો છે. હવે આગામી ત્રણ મહિના સુધી માં વાત્સલ્ય કાર્ડ એક્સપાયર થયું હશે તો પણ કાર્ડ ચલાવવાનું રહેશે. તે અંગે પણ સરકાર દ્વારા નિર્ણય લેવાયો છે.

## રાજ્ય ઈચ્છે તો લૉકડાઉન લાગુ કરી શકે છે : ગૃહમંત્રી

નવી દિલ્હી, તા.૧૯

દેશમાં ખૂબ જ ઝડપથી વધી રહેલા કોરોના સંક્રમણની વચ્ચે ફરી એક વાર લૉકડાઉન લાગુ કરવાની ચર્ચાઓ તેજ બની ગઈ છે. કોરોનાના વધતા કેસોને જોતાં ગૃહ મંત્રી અમિત શાહએ કહ્યું છે કે કોરોનાની બીજી લહેરમાં જે ઝડપથી કેસ વધી રહ્યા છે, તેની પર અમારી સતત નજર છે. તેઓએ કહ્યું કે જો રાજ્ય સરકારોને લાગે છે કે લૉકડાઉન જ કોરોનાની ચેનને તોડવાનો એકમાત્ર વિકલ્પ છે તો તેઓ લૉકડાઉન પર વિચાર કરી શકે છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે લૉકડાઉનની શક્યતાઓ પર તેને રાજ્યોના વિવેક પર છોડવાનો ઈશારો કર્યો. એક મીડિયા ચેનલ સાથેની વાતચીતમાં તેઓએ જણાવ્યું કે, માત્ર ભારત જ નહીં, અન્ય દેશોમાં પણ કોવિડની નવી લહેર પહેલાથી અનેકગણી વધારે ખતરનાક સાબિત થઈ છે. બીજા દેશોમાં કોરોનાના કારણે જેટલું મોટું નુકસાન થયું છે તેની તુલનામાં ભારતની વસ્તીના હિસાબથી અમે સારું કામ કર્યું છે. તેઓએ કહ્યું કે અમે આ વાત દાવા સાથે કહી શકીએ છીએ કે ભારતે કોવિડથી લડવામાં અપેક્ષાકૃત સારું કામ કર્યું છે. અમિત શાહે કહ્યું કે, કોરોનાની



આ લડાઈને રાજ્ય સરકારોની સાથે મળી લડવાની જરૂર છે. તેઓએ કહ્યું કે, દેશમાં રેમડેસિવર દવા અને ઓક્સિજનની અછત નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત હાલતની સમીક્ષા કરી રહ્યા છે. તેઓએ જણાવ્યું કે, ગયા વર્ષે આપણે કોરોનાને લઈ તૈયાર નહોતા. ત્યારે આપણી પાસે કોઈ દવા કે વેક્સીન નહોતી. હવે સ્થિતિ ઘણી બદલાઈ ચૂકી છે. ડૉક્ટર કોરોનાને સારી રીતે સમજી ચૂક્યા છે. તેમ છતાંય અમે મુખ્યમંત્રીઓની સાથે ચર્ચા કરી રહ્યા છીએ. સામન્ય સહમિત જો સધાય તો અમે તે મુજબ આગળ વધીશું. હાલ જે પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે તેને જોતાં લૉકડાઉન જેવી સ્થિતિ નથી દેખાતી. દેશભરમાં કોરોનાની નવી લહેર કહેર મચાવી રહી છે તે સમયે દેશના ગૃહમંત્રી અમિત શાહે આ બાબતે પ્રશ્નોના ઉત્તર આપ્યા છે. તેમણે જણાવ્યું કે સરકારે કોરોનાની બીજી લહેરને સંપૂર્ણપણે ગંભીરતાથી લીધી છે અને આગળ પણ તેને ગંભીરતાથી જ લેવાનો નિર્ધાર છે. તેમણે રાષ્ટ્રવ્યાપી લોકડાઉન પર પણ વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, લોકડાઉનનો નિર્ણય રાજ્યો પર છોડવામાં આવ્યો છે. પશ્ચિમ બંગાળના પરિણામો પર વાત કરતાં અમિત શાહે જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટી ઓછામાં ઓછી ૨૦૦ સીટો જીતશે. ધ્રુવીકરણને લગતા સવાલ પર ગૃહમંત્રીએ જણાવ્યું કે, આવું મીડિયામાં જણાઈ રહ્યું છે અને જય શ્રી રામનો નારો માત્ર ધાર્મિક નારો નથી, તે પશ્ચિમ બંગાળની જનતાની પીડાને સામે લાવે છે. કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર પૂછવામાં આવેલા સવાલ પર તેમણે જણાવ્યું કે કોંગ્રેસ એક કન્ફ્યુઝ સેક્યુલર પાર્ટી છે. પશ્ચિમ બંગાળમાં અબ્બાસ સિદીકી તો મહારાષ્ટ્રમાં શિવસેના સાથે ગઠબંધન કરે છે.


**શ્રદ્ધાંજલિ**



સોમચંદભાઈ ઈશ્વરભાઈ પરમાર (પરબતપુરા)
સ્વ. તા. ૧૮-૪-૨૦૨૧, રવિવાર

સંસારની સઘળી માયાનું આવરણ, ત્યજીને આપે અગોચર વિશ્વમાં પ્રયાણ કર્યું તે અમારા સૌના માટે અતિ આઘાતજનક અને અકલ્પનીય છે.

પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે તેવી પ્રાર્થના...

પ્રશાંતભાઈ શાહ, વિમ્પલબેન શાહ, ટવિશા શાહ

**સ્મરણાંજલિ**



સ્વ. ભૂપેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ
સ્વર્ગવાસ તા. ૧૪-૪-૨૦૨૧

મરણ અહીં છો રહ્યું, સ્મરણમાં વહે જીંદગી...

પરમ પિતા પરમાત્માને અમારા વડીલ બંધુ
સ્વ. ભૂપેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલના આત્માને શાંતિ અર્પે
તેવી પ્રાર્થના સહ... ભાવભિની અંજલિ...

રમેશભાઈ કાશીભાઈ પટેલ (ભાઈ)
અશોકભાઈ ચતુરભાઈ પટેલ (ભાઈ)
વિનોદકુમાર ઈશ્વરભાઈ પટેલ (ભાઈ)
ગોરધનભાઈ કાશીભાઈ પટેલ (ભાઈ)
સ્વ. ઘનશ્યામભાઈ ઈશ્વરભાઈ પટેલ (ભાઈ)
કમલેશ ઘનશ્યામભાઈ પટેલ (ભત્રીજો)
રાજીવ ઘનશ્યામભાઈ પટેલ (ભત્રીજો)

**ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી**



" सब धरती कागज करूँ, लिखनी सब बनराय ,
सात समुद्र की मसि करूँ, गुरु गुण लिखा न जाय । "

કલાનગરી ગાંધીનગર માં કથક નૃત્યના બીજ વાવી તેને વટવૃક્ષ બનાવનાર કલાગુરુ સ્વ. શ્રીમતી કુમુદબેન ભટ્ટ ને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.
ગાર્ગી ઠક્કર, હેમા ભટ્ટ, કાલિન્દી પરીખ

કથક નૃત્યની અમારી આરાધનામા આપ હંમેશા આશીર્વાદ રૂપે અમારી સાથે રહેશો,એવી આપની લાડકી દીકરીઓ...
વિધિ વાણીયા, જયતિ બ્રહ્મભટ્ટ

જીલ -દિયા

**તાત્કાલિક જોઈએ છે**

શહેરની પ્રતિષ્ઠિત પેથોલોજી લેબોરેટરી માટે

- રીસેપ્શનીસ્ટ - ૧ (અનુભવ ૨ વર્ષ)
- વીઝીટ બોય ફોર બ્લડ કલેકશન - ૨

તાત્કાલિક રૂબરૂ મળો

શ્રદ્ધાદીપ ગ્રીનક્રોસ લેબોરેટરી
ઘ-૪, સેક્ટર-૧૬, ગાંધીનગર
ફોન. ૨૩૨ ૨૨૪૭૪
મો. ૯૮૨૫૫ ૮૩૮૯૮
મો. ૯૭૨૬૯ ૭૮૮૦૪

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા



₹28*/ 500mL

અમૂલ ગોલ્ડ

Amul The Taste of India

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરો: અમદાવાદ અને સૌરાષ્ટ્ર: 079 - 23969055 / 56 / 57